
**Navgujarat Samay**

**December 15, 2016**
**Page No.10**

# વાઈબ્રન્ટ સમિટ-2017થી ગુજરાતને સ્ટાર્ટઅપનું કેન્દ્ર બનાવવા કવાયત

**» 200 વિચારોને ઈન્ક્યુબેશન સપોર્ટ કરાશે, 22 સંસ્થાઓને ઈન્ક્યુબેટર્સ તરીકે કામ કરવા રૂ.2.30 કરોડ ફાળવાશે**




**નવગુજરાત સમય** > ગાંધીનગર

રાજ્યમાં 10મીથી 13મી જાન્યુઆરી દરમિયાન મહાત્મા મંદિર ખાતે 8મું વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ યોજાશે. એના દ્વારા ગુજરાતને સ્ટાર્ટઅપ કેન્દ્ર બનાવવાની દિશામાં સરકારે પહેલ કરી છે. આ અંગેની નીતિ તો સરકારે અગાઉથી જાહેર કરી જ દીધી છે અને તેના ભાગરૂપે રાજ્ય સરકાર, 200 વિચારોને ઈન્ક્યુબેશન સપોર્ટ ઓફર કરશે. શરૂઆતમાં 50 પ્રોજેક્ટસને ટેકો પણ આપશે. જેમાં 22 જેટલી નોડલ એજન્સીઓને ઈન્ક્યુબેટર્સ તરીકે કામ કરવા રૂપિયા 2.30 કરોડની ફાળવણી પણ કરશે. સમિટ દરમ્યાન ઈનોવેશન, સ્ટાર્ટઅપ એન્ડ એન્ટરપ્રિનિયોરશીપ જેવા વિષયો ઉપર એકશન સેમિનારોનું આયોજન કરાશે. જેમાં 100થી વધુ સહભાગીઓ ભાગ લેશે. સરકાર, સમિટના માધ્યમથી સ્ટાર્ટઅપ ક્ષેત્રે ગુજરાતને દેશમાં મોખરાનું સ્થાન અપાવવા અગ્રેસર થઈ છે.

ભારત સરકાર દ્વારા જાહેર કરાયેલું સ્ટાર્ટઅપ કાર્યક્રમ એવું છે કે, જેના દ્વારા મોટાપાયે રોજગારીનું સર્જન થઈ શકે તેમ છે એટલે ગુજરાત સરકારે સ્ટાર્ટઅપ ઈકો-સિસ્ટમ ઊભી કરવા માટે એકેડેમિયા અને ફાયનાન્સમાંથી ઉદ્યોગ સાહસિકો, ઈન્ક્યુબેટર્સને અન્ય સાહસિકો સાથે જોડવામાં આવશે.નીતિ ઘડતર માટે વેલ્યુ વેબના માર્ગદર્શન હેઠળ એકશન સેમિનાર યોજાશે. જેમાં પ્રેક્ટિશનર્સ, નિષ્ણાતો, ઉદ્યોગ, ઈન્ક્યુબેટર્સ, નવીનતા કેન્દ્રો, સમાજના લોકો, સરકારના હિતધારકો, મળીને 100થી વધુ સહભાગીઓ એકત્ર થશે. તેઓ ગ્રૂપમાં ચોક્કસ અભિયાન-કેન્દ્રિત પડકારોના સોલ્યુશન બનાવવા માટે ત્રણ કલાક સુધી સઘન ચર્ચા-વિચારણા કરશે. તેમના વિચારોનું દસ્તાવેજિકરણ થશે અને તેના દ્વારા ચોક્કસ નીતિ બનાવાશે.

ઉદ્યોગ વિભાગના અધિક મુખ્ય સચિવ પી.કે.તનેજાએ તાજેતરમાં વાઈબ્રન્ટ સ્ટાર્ટઅપ સમિટમાં ગુજરાત સરકાર દ્વારા તૈયાર કરવામાં આવેલું વિઝન ડોક્યુમેન્ટ લોંચ કર્યુ હતું. એમાં પણ ગુજરાતમાં સ્ટાર્ટઅપ માટે આદર્શ ઈકો સિસ્ટમ ઊભી કરવા ઉદ્યોગ સાહસિકોને મદદરૂપ થાય તેવી નીતિ અને માર્ગદર્શિકા સૂચવવામાં આવી છે. સરકારનો ઉદ્દેશ 2017 સુધીમાં 1000 વિચારો અને વર્ષ 2020 સુધીમાં ઈનોવેટર્સને સપોર્ટ કરવાનો છે.